## જન્મદિને વધામણી



ડૉ. પ્રણવ જોષીપુરા
વાઈસ પ્રિન્સિપાલ
ઉમાબા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૩



ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૭૦૯૯૩ ૪૫૪૦૯



અજિતકુમાર જૈન
જનરલ મેનેજર
સ્ટેટ બેન્ક, ગાંધીનગર



શ્વેતા મુકુન્દ ભટ્ટ







સ્મિત મ્યુઝિક દ્વારા શનિવારે આંબેડકર હૉલ ખાતે સિનિયર ટૅલેન્ટ સિંગિંગ કાર્યક્રમ અંતર્ગત ગીત-સંગીતના સુમધુર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે અતિથિ તરીકે જગતભાઈ કારાણી, મહિલા મિલન મંદિરનાં પ્રમુખ રાધાબેન ગામીત, વિશ્વબંધુ પટેલ, યશપાલસિંહ, ભૂમિકા સિંહા, જીઈબી કાર્યપાલક ઈજનેર કે એન રાવત, તેજસ ભટ્ટ, ઈન્દ્રવદન પટેલ, ઈકબાલ વોરા, જયદીપસિંહ, કમલ જોષી, બલવંતસિંહ રાજપૂત, સંજય થોરાત, જયેશ દવે ઉપસ્થિત રહ્યા હતા. સ્મિત મ્યુઝિકનાં સ્થાપક, સંચાલક જ્યોતિ ગજ્જર-ભરત ગજ્જરે સૌનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

# ડૉ. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગરના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી છે, જેમાં પ્રમુખ તરીકે હરગોવિંદભાઈ જે રાઠોડ અને મહામંત્રી તરીકે વિઠ્ઠલભાઈ જે પરમારની વરણી કરવામાં આવી છે.

ઉપપ્રમુખ તરીકે ભરતસિંઘ આર ચૌધરી, ડૉ. કે ઍન બામણિયા, ચીમનભાઈ જે રાઠોડ, સહમંત્રી કલ્પેશ જી ચૌહાણ, એ ટી શેઠ, અશ્વિન ઍમ રાઠોડ, કોષાધ્યક્ષ નારાયણભાઈ જે પરમાર, ટ્રસ્ટી ડી જી અરસોડા, રમેશભાઈ વાણીયા, હરગોવિંદભાઈ બી મકવાણા, દશરથભાઈ એમ પરમાર, કાનૂની સલાહકાર પ્રવીણભાઈ ટી અમીન, માનદ સલાહકાર તરીકે ડૉ. નીતિન અંજાન, પ્રવીણભાઈ બી શ્રીમાળી, રાજેન્દ્રભાઈ તેજોત અને ઍન ડી મકવાણાની વરણી કરવામાં આવી છે એમ સંસ્થાની આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ડૉ. આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ, ગાંધીનગરના ઉપક્રમે ૧૪ એપ્રિલના રોજ બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિ પ્રસંગે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ તથા વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ જે પરમાર અને પ્રમુખ હરગોવિંદભાઈ જે રાઠોડે જણાવ્યું છે કે વક્તૃત્વ સ્પર્ધા એ, બી અને સી એમ ત્રણ ગૃપમાં યોજવામાં આવશે. એ ગૃપમાં ધોરણ-૫થી ૮, બી ગૃપમાં ધોરણ-૯થી ૧૨ અને સી ગૃપમાં સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ફૉર્મ ભરવું આવશ્યક છે એવો ઉલ્લેખ કરી તેમણે ફોર્મ ભરીને પરત મેળવવા (૧) હરગોવિંદભાઈ જે રાઠોડ, પ્લોટ નં. ૬૦૮/૧, સૅક્ટર-૩ સી (૨) ભરતસિંઘ આર ચૌધરી, પ્લોટ નં. ૪૫/૨, સૅક્ટર-૧૪, મોબાઈલ નંબર-૯૫૮૬૫ ૬૩૩૩૯ અથવા (૩) અશ્વિનભાઈ એમ રાઠોડ, સૅક્ટર-૨૭, મોબાઈલ નંબર-૯૪૨૭૦ ૧૦૫૧૮નો સંપર્ક સાધવા જણાવ્યું છે.



ગાંધીનગર, તા. ૯

શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પુષ્યનક્ષત્ર નિમિત્તે ૧૨ શાળાઓનાં કુલ ૧૨૬૫ બાળકોને સુવર્ણ પ્રાશનનો લાભ આપવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સંસ્થા છેલ્લા સાત મહિનાથી આ સેવા અવિરત રીતે કરતી આવી છે. ભિલોડા તાલકાના ઈશ્વરપુર, લક્ષ્મીપુરા, જાભચિતરીયા, રંગપુર, અણસોલ, ભવાનપુર, નવાગામ પ્રાથમિક શાળાઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી.

આ સેવાપ્રવૃત્તિનો સૌથી મોટો લાભ એ થયો છે કે તેનાથી કોઈપણ બાળકમાં બીમારી જોવા મળી નથી. સ્કૂલના આચાર્ય પાસેથી પ્રાપ્ત માહિતી પ્રમાણે સુવર્ણપ્રાશનથી ન માત્ર બાળકો બીમારીથી દૂર રહી શક્યાં છે, પરંતુ સાથે-સાથે તેમની રોગપ્રતિકારક શક્તિ પણ વધી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા બે શાળાઓના વિદ્યાર્થીઓને બૉલપૅનની ભેટ તથા એક શાળાના વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો.આ ઉપરાંત સંસ્થા દ્વારા શામળાજી કૉલેજમાં પુસ્તકાલય માટે ૮૦ પુસ્તકો આચાર્ય ડૉ. અજય પટેલને સુપ્રત કરવામાં આવ્યા હતા.

આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી અનિરૂદ્ધ, મિલિન્દભાઈ અને કટારાભાઈ જોડાયા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

સમજણનો
સોયદોરો
જો આરપાર થશે
તો જ ફાટેલ જિંદગીની
સારવાર થશે

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫,
૧૦.૦૦
**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦,
૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડ્ડુ
દિવાના
૧.૦૦
**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# મોસાળ એટલે બાળકો માટેનું સ્વર્ગ

**સંવેદના – મારું માયાળુ મોસાળ**

મોસાળ શબ્દ સાંભળતાં જ પગમાં પૈડાં લાગી જાય છે. મામાને ઘેર સુરત જવા મન ઉત્સુક બની જાય છે. મોસાળની માયા છે જ એવી.

સુરતના પોશ ગણાતા વિસ્તારમાં પાટીદાર ભવન અને સ્વામીનારાયણ મંદિરની ખૂબ જ નજીક મારા મામાનો પરિવાર રહે. શિવામામા-જયામામીના વહાલનું વહેણ, મારી માના અવસાન પછી પણ અકબંધ રહ્યું. મામાની નોકરી નવસારી એલઆઈસીમાં, તેઓ ટ્રેનમાં અપડાઉન કરે. એવી હાડમારી વચ્ચે પણ નવસારીના દાણા-ચણા લાવવાનું ના ભૂલે. શનિવારે વહેલા આવી જાય ત્યારે અમને ભાગળ ફરવા લઈ જાય. કમરખ અને ગલેલી (તાડફળી) ખવડાવે અને 'જોષીકાકા'નું ભૂસુ બંધાવી દે. વસ્તુની પ્રાપ્તિ કરતાં મામાની કંપનીનો આનંદ વિશેષ રહેતો, 'લાફિંગ' કરે અને કરાવે. જયામામી પણ હેતાળ. અમારી ભાવતી વાનગીઓને ધ્યાનમાં રાખી રસોઈ બનાવે. મનોજ અને બહુ જેટલો જ ભાવ અમારા તરફ પણ દર્શાવે. નાના મામા ભોમાનંદજી સુરતમાં જ સ્વામીનારાયણ મંદિરમાં સંન્યાસી જીવન જીવતા પણ પ્રસંગોપાત અમને મળવા આવે ત્યારે પ્રસાદની સાથે-સાથે નાની-મોટી ભેટો પણ આપી જાય ત્યારે અમારો બાળસહજ સ્વભાવ કુતૂહલ અનુભવે.

રાજકોટના બંગડી બજાર નજીક 'લક્ષ્મી ટી સપ્લાય' સામે મારા દુર્ગામામા-રંજનમામી ત્રણ બાળકો -વંદન,રાજન, આરતી સાથે ભાડાના મકાનમાં રહે. વૅકેશનમાં ક્યારેક મોસાળની મજા માણવા ત્યાં પણ સવારી ઉપડતી. મામાના ઘરની સંકડાશને દિલની દિલાવરીએ જીતી લીધી હતી. અગાશી ખૂબ મોટી તેથી ઉનાળાની રજાઓમાં ત્યાં ઉપડી જતાં. મહારાષ્ટ્રીયન રંજનમામીના હાથની ટેસ્ટી રસોઈ અને તેમાંય બાફેલાં બટાટાંનું સ્વાદિષ્ટ શાક તો આજે પણ મોંમાં પાણી લાવે છે. ફરસાણના શોખીન મામા ગરમાગરમ ફાફડા ચ્હા સાથે અચૂક ખવડાવતા મામી પણ બંગડી બજારમાં શોપીંગ કરવા લઈ જતાં અને મનગમતી પીન, બંગડી અપાવતાં. મામાના સમવયસ્ક બાળકો સાથે કરેલી ધીંગામસ્તી અને મારામારી હજુ પણ સાંભરે છે.

માયાળુ મોસાળની માયાની અનુભૂતિ તો ત્યારે થઈ જ્યારે મોટાં બહેનનાં લગ્ન થયાં. માતા-પિતાની છત્રછાયા ગૂમાવી બેઠેલા ભાંડરડાંને આવી જવાબદારીની સમજ ક્યાંથી પડે? શિવામામાએ એક મહિનાની રજા લઈ દ્વારકા આવીને રંગેચંગે આખા પ્રસંગને પાર ઉતાર્યો. મારા માટે પણ લાડકા લાડુ લઈને આવેલાં મામા-મામી ગાંધીનગરમાં પહેલી વાર આવ્યાં ત્યારે રિક્ષાવાળાએ અડધી રાત્રે સૅક્ટર-૨૦માં ખૂબ ફેરવેલાં. છતાં કોઈપણ જાતની ફરિયાદ વગર મને હરખ કરી એમણે વધાવી હતી. મોટા ભાઈ મૅડિકલનો અભ્યાસ કરતા ત્યારે પણ મામાએ ખૂબ સધિયારો આપ્યો હતો. નાની-મોટી મુસીબતોમાં પડખે રહેનાર મામાની યાદ આવતાં મોસાળ તરફ આપોઆપ કૃતજ્ઞતાનો ભાવ અનુભવાય છે ને મસ્તક નત થઈ જાય છે.

મા મને રે, મામાને ઘેર જાવા દે..

**- કુસુમબેન રાજન જોષી**
**સેક્ટર-૨૦**

મારું માયાળુ મોસાળ એટલે ગામ વલાદ, જે નરોડાથી ૩ કિમીના અંતે સાબરમતી નદીના કિનારે વસેલું છે. ઉનાળાના વૅકેશનમાં હું મામાને ઘેર જતો. ખેતરમાં આંબાનું ઝાડ હતું. કેરી ખાવાની ખૂબ મજા આવતી. નદીએ રોજ ન્હાવા જતાં. તડબૂચ, ટેટીની વાડીઓ નદી કિનારે હોવાથી ટેટી, તડબૂચ ખાવાની ખૂબ જ મજા આવતી. ધોરણ-૫માં મને મામાને ઘેર ભણવા મૂકેલો. ગામમાં ઍસઍન ભાણાવાલા હાઈસ્કૂલ હતી તેમજ પ્રાથમિક શાળા પણ હતી.

પ્રાથમિક શાળામાં વ્યાસ સાહેબ અમને ભણાવતા. મામાને ઘેર રહી ભણતો હોવાથી શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ખૂબ જ પ્રેમ કરતાં, મને ભાણો કહીને બોલાવતાં.

મારાં નાની-નાના, મામી-મામા ખૂબ જ માયાળુ હતાં. મામાને ઘેર રહી ભણવાની ખૂબ મજા આવી. મામા ખેતી કરતાં તેમજ નોકરી પણ કરતાં. રજામાં તેઓ અમને ખેતરમાં લઈ જતાં. ખેતરમાં ભાતું ખાવાની મજા આવતી. ગાડામાં બેસી ખેતરમાં જતાં ને વળતાં બળદ, ભેંસ માટે ઘાસચારો લઈ આવતાં.

મારાં નાની માતાજીનાં ભક્ત હતાં. તેમને માતાજીનો સાક્ષાત્કાર થયેલો. મારી હાજરીમાં જ તેમને માતાજીનો પવન આવતો. તેમને માતાજીનો સાક્ષાત્કાર થાય ત્યારે તેઓ ખૂબ જ હસતાં.

નાની ૩ દિવસે જ્યારે વલોણું કરે ત્યારે મને વહેલો જગાડી માખણ ખવડાવતાં. પછી છાશ મહોલ્લામાં વહેંચી દેતાં. બધાંને ઘેર જઈ છાશ લેવા આવવા માટે હું જ નોતરું દઈ આવતો. નાની ખેતરમાંથી રાયણ અને કેરી લાવતાં અને દેશી કેરીનું અથાણું સરસ બનાવતાં. તે મને ખૂબ વહાલ કરતાં.

મારા મામા વિક્રમ-વેતાળની વાર્તાઓ અમને સંભળાવતા, એ મને ખૂબ ગમતી. ઉનાળામાં આંબો વેડાય એટલે કેરી બીજા મકાનમાં ઘાસની વચ્ચે પાકવા મૂકતાં, હું રોજ એમાંથી વીણીને પાકી કેરી ઘોળી-ઘોળીને ખાઈ જાતો, એ રસની મીઠાશ જબાન પર કાયમ છે.

ગામના રોડ ઉપર આવેલા ખેતરમાં ઊભેલાં મહુડાનાં વૃક્ષો પરથી વહેલી સવારે મહુડા નીચે પડે એટલે મને સાથે ફાનસ લઈ મારાં નાની એ વીણવા જતાં. તેને સૂકવી, ખાંડી ને લાડુ બનાવતાં. મહુડા શેકીને ખાવાની મજા આવતી. હવે તો મહુડાનાં વૃક્ષો જોવા નથી મળતાં, સરકારે તેની પર પ્રતિબંધ મૂકી દીધો છે.

હવે તો મોસાળમાં મામા-મામી કે નાના-નાની નથી પરંતુ એમની સાથે ગાળેલાં દિવસો સંભારણું બની કાયમ સાથે જીવી રહ્યા છે.

**- ગુલાબચંદ એન પટેલ**
**સેક્ટર-૧૪**

જ્યોતિષની ભાષામાં કહું તો મારી કુંડળીના શુભ ગ્રહોની અસરના કારણે મને મોસાળ પક્ષનું સુખ સારું રહ્યું છે. સમી તાલુકાનું નાનકડું ગામ કુંવર એ જ મારું મોસાળ. જે મારા ગામ આદરણીયાથી બહુ દૂર નથી. જેથી અમે અવારનવાર ત્યાં જતાં અને વૅકેશનમાં તો ત્યાં જ મહાલતાં. મારા ચારેય મામા ભર્યાભાદર્યા સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. કુટુંબ મોભાદાર અને ગામમાં માન-મરતબો સારો હતો. મોટી ખેતીવાડી હતી. અમે જઈએ એટલે ઓચ્છવ થઈ જાય. હેત અને ઉમળકો તો જિંદગીના ઘણા મુકામો જોયો પણ મોસાળની તો વાત જ ન્યારી. મારા મોટા બળદેવમામા ભારે હોંશિલા. બસ સ્ટેન્ડ પર અમને લેવા આવે અને બંને ભાઈઓને ખભે તેડી 'આ તો મારાં રામ-લક્ષ્મણની જોડ' એમ કહેતાં-કહેતાં ઘરે લઈ જાય. ગામમાં અમારાં નામ ઘણાખરાંને આવડે નહીં પણ અમે જાનીના ભાણીયા તરીકે જ ગામ આખામાં ઓળખાઈએ.

ખેતીનું કામ મોટાભાગે નાના કાંતિમામા અને જીનુમામા જ સંભાળતા. આ બે મામાઓ સાથે મારી પ્રીત કંઈક અનોખી. અમે પરસ્પર એકબીજાની ખૂબ રમૂજ કરીએ, હાંસી ઊડાવીએ અને ધીંગામસ્તી પણ ખૂબ કરીએ. આ બધામાં મામીઓ હંમેશાં મને સાથ આપે. મારી મામીઓનો ભાવ અમારા પર પંડ્યના જણ જેવો. મેં ક્યાંક 'મામી મારી ધૂતારી, કપડાં લઈ ગઈ ઉતારી' વાંચેલું ત્યારે મને બહુ આશ્ચર્ય થયેલું કે આવી તે વળી કોની મામી હશે!

પથરો નાખો ને પડે એટલી નજીકમાં મામાનું સો વિઘાનું પાઘેડું, જ્યાં વર્ષોવર્ષ શિયાળાના કૂણા તડકે ઘઉંનો પોંક, ચણાનો ઓળો અને બોરડીએથી વીણી લાવેલાં બોર ખાધાં છે. ઝાડની ડાળે હિંચકો બાંધી ઝૂલ્યાં છીએ ને અહીં જ કુદરતના સાંનિધ્યે નીજમાં ખોવાઈ ગયાની અનુભૂતિ માણી છે. અહીં બેસીને ઝાપટેલ રોટલાંનાં ભાથાં પાસે ફાઈવ સ્ટાર હૉટેલના ખાણાની કોઈ વિસાત નહીં! અહીં નજીકથી વહેતી સરસ્વતી નદી અને તેના કાંઠા પર નીકલંઠ મહાદેવનું મંદિર ઘણું જ પવિત્ર અને રમણીય સ્થળ. આ જગ્યા મને બહુ ગમે. મામા અમને ખુશ કરવા બળદગાડાઓમાં બધાને અહીં લઈ આવે. રસોઈ થાય ત્યાં સુધીમાં અમે છોકરાંવ ધરાઈ-ધરાઈને નદીના પાણીમાં સેલારા મારીએ, હરિહરનો સાદ પડે એટલે જમવા દોડીએ. મામા-મામી તાણ કરીને લાડવા ખવરાવે.

મને કોઈ એમ પૂછે કે ધરતી પરનું સ્વર્ગ ક્યાં તો એમ જ કહું કે એ મારા કુંવરધામમાં!

**- નરેશ પંડ્યા**
**સેક્ટર-૩ એ**

મારું વતન બોટાદ અને મોસાળ જસદણ તાલુકાનું વિછીયા ગામ. પચાસ-સાઠ વર્ષ પહેલાંની વાત ત્યારે મોસાળમાં જવાની વાત આવે એટલે શેર લોહી ચડી જાય. જેવું વૅકેશન પડે કે તરત જ મોસાળમાં જવા અધીરા થઈ જતાં. તે વખતે બોટાદથી જસદણ ગાડી ચાલતી, તેમાં અમે વિછીયા જતાં. સ્ટેશને ઉતરીએ એટલે રઘનાથભાઈના ગાડામાં બેસીને ગામમાં જતાં. એ વખતે આજના જેટલો વાહનવ્યવહાર ન હોવાથી ફરજિયાત ગાડામાં જ જવું પડતું હતું. જેવા ઘેર પહોંચીએ 'ટલે વાવાઝોડાની જેમ ખુશીનો વંટોળ પેદા થઈ જતો. ચારેબાજુથી ભાણાભાઈ આવ્યા, ભાણાભાઈ આવ્યા... એવું વાતાવરણ ગૂંજી ઊઠતું. ચાર મામા-મામી ખુશખુશાલ થઈ જતાં.

એ વખતે સાઈકલની બોલબાલા હતી. નાના મામા અમને સાઈકલ પર બેસાડીને બધે ફરવા લઈ જતાં. એકવાર ઓળખીતાના ખેતરે લઈ ગયેલા જ્યાં શેરડી પીલાણ કરી તેનો ગોળ બનાવાતો હતો, ગરમાગરમ ગોળ મેં ખાધો હતો એ જિંદગીનું સંભારણું બની ગયો છે. નાના મામા મોટાભાગે જ્યાં જાય ત્યાં મને સાથે લઈ જતા અને કંઈક ને કંઈક ખાવાનું અચૂક અપાવતા.

ત્યારે જૂની ઢબનાં ઓસરીવાળાં ઘર હતાં. ફળિયામાં બે-ત્રણ બકરીઓ બાંધેલી રહેતી, તેને અમે ચારો ખવડાવતાં અને હાથ ફેરવીને વહાલ કરતાં. ભા હુક્કો પીતા, જેનો ગડગડાટ અને સુગંધ આજે પણ અનુભવી શકાય છે. ઘરમાં જ મઢ હોવાથી આરતી અને ધૂપ-દીપ થતાં અને કોલસાના ધૂપેલિયાથી આખા ઘરમાં ધૂપ ફેરવાતો, જેનાથી ઘરમાં સુગંધિત વાતાવરણ પેદા થતું. દુકાન આગળ નુરાભાઈની સાઈકલની દુકાન હતી, ત્યાં સ્ટેન્ડ ઉપર રાખેલી સાઈકલને ખાલી પેડલ મારીને પાછળનું વ્હીલ ફેરવવાની મજા જ કંઈ ઓર હતી.

કોઈપણ જાતની હડિયાપાટી વિનાની શાંત અને સહજ રીતે ચાલતી એ દુનિયા હતી. ગામમાં આવેલો એક ભાણેજ આખા ગામનો ભાણો ગણાતો ને એને ગામ આખા તરફથી એવા લાડેય મળતા, જે મનેય મળ્યા છે.

મારા માયાળુ મોસાળમાં મેં અનુભવ્યું છે કે મોસાળ એટલે બાળકો માટેનું સ્વર્ગ.

**- ભગવાનભાઈ ગોહેલ**
**સેક્ટર-૨૫**